ગુજરાતી

# કૃષિ દેવા માફી અને દેવા રાહત યોજના - ૨૦૦૮

(૧) પરિચય

૧.૧ નાણાંમંત્રીશ્રીએ તેના અંદાજ પત્ર વર્ષ ૨૦૦૮-૦૯માં દેવા માફી અને દેવા રાહત યોજનાની જાહેરાત કરી છે.

૧.૨ આ યોજનાના અમલીકરણની માર્ગદર્શીકા નીચે આપવામાં આવી છે.

(૨) વિસ્તાર

૨.૧ શિડ્યુલ કોમર્શીયલ બેંક, ક્ષેત્રીય ગ્રામીણ બેંક, કો-ઓપરેટીવ માન્ય સંસ્થાઓ અને સ્થાનિક પ્રાદેશિક બેંક (અહિં સંક્ષીપ્તમાં "ધિરાણ સંસ્થા") દ્વારા આ યોજના હેઠળ નાના અને સીમાંત ખેડૂત અને બીજા ખેડૂતોને સીધી અપાયેલ કૃષિ લોનને માર્ગદર્શીકા પ્રમાણે આવરી લેવાશે.

૨.૨ આ યોજનાનો અમલ તાત્કાલિક કરવામાં આવશે.

(૩) વ્યાખ્યા

૩.૧ "સિધી કૃષિ લોન" એટલે ખેડુતોને કૃષિ હેતુ માટે અપાયેલ ટુંકી મુદત ઉત્પાદન લોન અને મૂડી રોકાણ લોન. આ યોજનાનો લાભ વ્યક્તિગત સંગઠન (જેવા કે સેલ્ફ હેલ્પ ગ્રુપ અને સંયુક્ત જવાબદારી ગ્રુપ) ને મળેલી સિધી લોનનો સમાવેશ થાય છે. જો તે ગ્રુપના દરેક ખેડૂતો આપેલ લોનની હિસાબી માહિતી બેંક વ્યવસ્થિત રીતે રાખે તો.

૩.૨ "ટૂંકી ઉત્પાદન લોન" એટલે કે લોન જે પાકનું ઉત્પાદન વધારવા માટે અને ૧૮માસમાં ભરપાઈ કરવાની હોય છે. પરંપરાગત અને અપરંપરાગત રોપા ઉછેર તથા બાગાયત વાવેતર જેની કાર્યકારી લોન રૂા. ૧ લાખથી વધુ ન હોઈ તેવી લોનનો સમાવેશ થાય છે.

૩.૩ મૂડી રોકાણ લોન એટલે કે

(અ) જમીનમાંથી ઉત્પાદન વધારવા વપરાતી મિલકત, ઓજાર, સાધનનું મરામત/ સમારકામ, પાર્ટસ બદલવા વગેરેમાં થતી મૂડી રોકાણ. દા.ત. કુવાને ઉંડો કરવો, નવા કુવા બનાવવા, પાણીના પંપસેટ બેસાડવા, ટ્રેક્ટર, બળદો ખરીદવા, જમીન સુધારવી, પરંપરાગત અને અપરંપરાગત રોપા ઉછેર તેમજ બાગાયત ખેતી વગેરે માટેની બાંધેલી મુદ્દત લોન અને

(બ) ડેરી, મરઘા ઉછેર, ઘેટાં બકરા ઉછેર, ડુક્કર-માછલી, મધમાખી ઉછેર, ગ્રીન હાઉસ અને બાયોગેસ વિગેરે પ્રવૃત્તિ માટે જરૂરી સાધનો મિલકતની ખરીદી માટે વપરાતી મુડી રોકાણ.

૩.૪ સહકારી ધિરાણ સંસ્થાઓ એટલે કે સહકારી સોસાયટી જે.......

(૧) ખેડૂતોને ટૂંકા ગાળાના ઉત્પાદન માટે લોન આપે છે અને જે કેન્દ્રીય સરકાર તરફથી મળતી વ્યાજ રાહત માટે લાયક છે. અથવા

(૨) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અથવા નાબાર્ડની રાહબરી હેઠળ બેંકીગ કાર્યવાહી કરે છે. અથવા

(૩) જે રાજ્ય અથવા કેન્દ્રીય શાસિત પ્રદેશની ટૂંકા ગાળા સહકારી ધિરાણ સંસ્થા અથવા લાંબા ગાળા ધિરાણ સંસ્થાની એક વિભાગ હોય.

૩.૫ "સીમાંત ખેડૂત" એટલે કે એ ખેડૂત (માલિક અથવા ગણોતીયા-ભાડુત-ભાગીદાર) જે ૧ હેક્ટર (૨.૫ એકર) ખેતી માટે લાયક જમીનની ખેતી કરતો હોય.

૩.૬ "નાનો ખેડૂત" એટલે કે એ ખેડૂત (માલિકી અથવા ગણોતીયા-ભાડુત-ભાગીદાર) જે ખેતી લાયક જમીન ૧ હેક્ટર કરતા વધારે અને ૨ હેક્ટર્સ (૫ એકર) સુધીની જમીનમાં ખેતી કરતો હોય.

૩.૭ "બીજો ખેડૂત એટલે" એ ખેડુત (માલિકી અથવા ગણોતીયા-ભાડુત-ભાગીદાર) જે

ખેતી લાયક જમીન ૨ હેક્ટર્સ થી વધારે (૫ એકર્સ થી વધારે) જમીનમાં ખેતી કરતો હોય.

★ સ્પષ્ટતા

(૧) આ યોજના હેઠળ ખેડૂતોનું જમીન પ્રમાણે વર્ગીકરણ ઉપર દર્શાવ્યા પ્રમાણે ખેડૂતને ધિરાણ મંજુર કરતી વખતે તેમજ ત્યારબાદ માલિકી હક્ક તેમજ કબજેદારમાં થયેલ ફેરફારને ધ્યાનમાં લીધા વિના, ખેડૂત પાસે જે વ્યક્તિગત તેમજ સંયુક્ત રીતે ધરાવતાં કુલ જમીન (જ્યાં ખેડૂત જમીન માલિક હોય ત્યાં) અથવા ખેડૂત દ્વારા ખેતી નીચે આવરી લેવાયેલ જમીન (ગણોતીયા અથવા ભાગીદાર તરીકે).

(૨) એક કરતા વધારે ખેડૂતો તેઓની જમીન એકઠી કરી ધિરાણ લે ત્યારે સીમાંત ખેડૂત અથવા નાના ખેડૂત અથવા બીજો ખેડૂતનું વર્ગીકરણ આ કિસ્સામાં વધુ જમીન ધરાવતાં ખેડૂતની જમીનને આધાર ગણી કરવામાં આવશે.

(૩) એક ખેડૂત ખેતીથી સંબધિત પ્રવૃત્તિઓ માટે મૂડી રોકાણ લોન લીધી હોય અને તેની ધિરાણની રકમ રૂા. ૫૦૦૦૦.૦૦ કરતાં વધુ ન હોય તો તે ખેડૂત નાનો અથવા સીમાંત ખેડૂત છે તેમ નક્કી થશે અને જ્યારે ધિરાણની રકમ રૂા. ૫૦૦૦૦.૦૦ વધારે હોય ત્યારે તે ખેડૂત બીજો ખેડૂત તરીકે ગણાશે. ઉપરોક્ત બંને બાબતે જો ખેડૂત જમીન ધરાવતો હોય તો તેની જમીન કેટલી છે તે ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(૪) કિસાન ક્રેડીટ કાર્ડ હેઠળ જો સિધી કૃષિ લોન લીધી હોય તો આ લોન આ માર્ગદર્શીકા મુજબ આ યોજના હેઠળ જ ગણાશે.

(૫) જો ખેડુતે ટૂંકા ગાળાની ઉત્પાદન લોન અને મૂડી રોકાણની લોન લીધી હોય તો આ બંને લોન બે અલગ અલગ લોન ગણાશે અને આ યોજના હેઠળ પણ બંને લોન અલગ અલગ ગણાશે. તેવી જ રીતે જે ખેડૂતે બે મૂડી રોકાણ લોન બે અલગ અલગ હેતુ માટે લીધા હોય તો આ બંને લોન અલગ અલગ ગણાશે અને આ બંને લોન અલગ અલગ મથાળા હેઠળ આ યોજનામાં ગણાશે.

(૪) મળવા પાત્ર રકમ

૪.૧ દેવા માફી અથવા દેવા રાહત માટેની રકમ જે બાબત હોય તે (અહિં પછી 'મળવા પાત્ર' રકમ કહેવામાં આવશે) નીચેના આધારે થાય છે.

(એ) ટૂંકાગાળા ઉત્પાદન લોન બાબતે લોનની રકમ(વ્યાજ સાથે)

(૧) માર્ચ ૩૧, ૨૦૦૭ સુધી ચુકવેલી હોય,
ડિસેમ્બર ૩૧-૨૦૦૭નાં રોજ મુદ્દતવિતી થઈ હોય અને ફેબ્રુઆરી ૨૯, ૨૦૦૮નાં રોજ સુધી ભરપાઈ ન થઈ હોય.

(૨) કેન્દ્રીય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ખાસ પેકેજ દ્વારા વર્ષ ૨૦૦૪ અને વર્ષ ૨૦૦૬માં બેંકોએ કરેલ માળખાકીય ફેરફાર અને રિશીડ્યુલ થઈ હોય તો, જો રકમ મુદ્દતવીતી થઈ હોય કે ન થઈ હોય અને

(૩) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શીકા મુજબ કુદરતી આફતોને કારણે સાધારણ સંજોગોમાં, માળખાકીય ફેરફાર અને રીશીડ્યુલ માર્ચ ૩૧, ૨૦૦૭ સુધીમાં થયા હોય અથવા મુદ્દતવીતી થઈ હોય કે ન થઈ હોય.

(બી) મૂડી રોકાણ લોન બાબતે, હપ્તા મુદતવીતી હોય (હપ્તાની રકમ ઉપર લાગુ પડતાં વ્યાજ સાથે) અને જો લોન....

(૧) માર્ચ ૩૧, ૨૦૦૭ સુધી ચુકવેલી હોય,
ડિસેમ્બર ૩૧-૨૦૦૭નાં રોજ મુદ્દતવિતી થઈ હોય અને ફેબ્રુઆરી ૨૯, ૨૦૦૮નાં રોજ સુધી ભરપાઈ ન થઈ હોય.

(૨) કેન્દ્રીય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ખાસ પેકેજ દ્વારા વર્ષ ૨૦૦૪ અને વર્ષ ૨૦૦૬માં બેંકોએ કરેલ માળખાકીય ફેરફાર અને રિશીડ્યુલ થઈ હોય તો, અને

(૩) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શીકા મુજબ કુદરતી આફતોને કારણે સાધારણ સંજોગોમાં, માળખાકીય ફેરફાર અને રીશીડ્યુલ માર્ચ ૩૧, ૨૦૦૭ સુધીમાં થઈહોય.

★ સ્પષ્ટીકરણ

માર્ચ ૩૧, ૨૦૦૭ સુધીમાં મૂડી રોકાણ લોન ચુકવી હોય, તેમજ ઉપજ વગરની મિલકત (એન.પી.એ) જાહેર થઈ હોય અથવા દાવાવાળુ ખાતુ (શુટ ફાઈલ એકાઉન્ટ) હોય તો આવી બાબતે ડિસેમ્બર ૩૧, ૨૦૦૭નાં રોજ જે હપ્તાની રકમ મુદતવીતી થઈ હોય તેજ રકમ મળવા પાત્ર રકમ ગણાશે.

૪.૨ નીચે જણાવેલ ધિરાણો મળવા પાત્ર રકમ ગણાશે નહિ.

(૧) જે ધિરાણ કૃષિ પેદાશ માટે અવેજ અથવા હાઈપોથીકેશનથી મેળવેલ હોય પણ ઉભા પાક સિવાય અને

(૨) સહકારી ધિરાણ સંસ્થાઓ (ઉપરોક્ત ફકરા નં. ૩.૪ મુજબ) અને તેના જેવી બીજી સંસ્થાઓ સિવાયની કોઈ સંગઠન મંડળી, ભાગીદારી કંપની, મંડળીઓને આપેલ કૃષિ ધિરાણ.

૪.૩ આ યોજના હેઠળ સમાવેલ મુદ્દા માર્ચ ૩૧, ૧૯૯૭ પહેલાં ધિરાણ પેઢી સંસ્થાઓએ લોન ચુકવી હોય તો તેને લાગુ પડશે નહિ.

(૫) દેવા માફી

૫.૧ નાના અને સીમાંત ખેડૂતોની પૂરેપૂરી મળવા પાત્ર રકમ માફ થશે.

(૬) દેવા રાહત

૬.૧ "બીજા ખેડૂત" બાબતે એક જ વખતમાં પતાવટ યોજના (ઓ.ટી.એસ.) હેઠળ મળવા પાત્ર રકમની ૨૫ ટકા જેટલી રકમ કપાત મળશે. જો ખેડૂત મળવા પાત્ર રકમની ૭૫ ટકા રકમ ભરપાઈ કરશે તો.

પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ જિલ્લાના બીજા ખેડૂતોને જણાવ્યા મુજબ મળવા પાત્ર રકમની (ઓ.ટી.એસ.)ની ૨૫ ટકા અથવા રૂા. ૨૦૦૦૦.૦૦ બે માંથી જે રકમ વધુ હશે તે માફ થશે. શરત કે ખેડૂત મળવાપાત્ર રકમની બાકી રહેલી રકમ ભરપાઇ કરશે તો.

(૭) અમલીકરણ

૭.૧ કોમર્શિયલ બેંક, ક્ષેત્રિય ગ્રામીણ બેંક, સહકારી ધિરાણ સંસ્થા, શહેરી સહકારી બેંક અને સ્થાનિક પ્રાદેશિક બેંક જે આ યોજના હેઠળ આવરી લેવાઇ છે તેની બધી શાખાઓ લાભ મેળવનાર ખેડૂતોનીબે યાદી બનાવશે. એક યાદી નાના અને સીમાંત ખેડૂતો જેઓ દેવા માફ યોજનાનો લાભ મેળવવા પાત્ર છે. અને બીજી યાદી બીજા ખેડૂતો જેઓ દેવા રાહતનો લાભ મેળવવા પાત્ર છે. આ યાદીમાં દરેક ખેડૂતની કુલ જમીન, મળવા પાત્ર રકમ અને દેવા માફની રકમ અથવા દેવા રાહત પાત્ર રકમની વિગતો સ્પષ્ટ રીતે દર્શાવેલ હશે. ૩૦ જૂન ૨૦૦૮ પહેલા આ યાદી બેંક/મંડળીઓની શાખાઓની નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવાનું રહેશે.

૭.૨ મળવાપાત્ર રકમ માફ થતાં, નાના ખેડૂત અથવા સીમાંત ખેડૂત નવી કૃષિ લોન મેળવવા લાયક બનશે.

૭.૩ બીજો ખેડૂત તરીકે જે ખેડૂતનું વર્ગીકરણ થયેલુ છે અને જે ખેડૂત એક વખત દેવા પતાવટની યોજના હેઠળ રાહત માટે પાત્ર થાય છે. તેણે બાહેધરી આપવાની રહેશે કે તેણે તેનો હિસ્સો (મળવા પાત્ર રકમ - ઓ.ટી.એસ. દ્વારા મળવા પાત્ર રાહત રકમ) ત્રણ જ હપ્તામાં આપવાના રહેશે. પહેલા બે હપ્તાની રકમ પોતાના હિસ્સાની ૧/૩ રકમ કરતા ઓછી ન હોવી જોઇએ. ત્રણ હપ્તાઓ ભરપાઇ કરવાની છેલ્લી તારીખ (૧) ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૮ (૨) ૩૧ માર્ચ, ૨૦૦૯ અને (૩) ૩૦ જૂન, ૨૦૦૯ રહેશે.

૭.૪ બાહેધરી, રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા/ નાબાર્ડ, દ્વારા નક્કી કરેલ મુજબ આપવાનું રહેશે.

૭.૫ પોતાનો હિસ્સો પુરેપુરો ભરપાઈ કર્યા બાદ "બીજા ખેડુત" ના ખાતામાં ઓ.ટી.એસ. રાહત રકમ (કેન્દ્રીય સરકારનો હિસ્સો) જમા થશે.

૭.૬ ટૂંકા ગાળા પેદાશ લોન બાબતમાં બીજા ખેડૂત પોતાના હિસ્સાનો ૧/૩ ભાગ ચુકવ્યા પછી નવી ટુંકા ગાળા પેદાશની લોન મેળવવા પાત્ર થશે.

૭.૭ મૂડી રોકાણ લોન બાબતમાં બીજા ખેડૂત પોતાનો હિસ્સો પુરેપુરો ચુકવ્યા બાદ તે નવી મૂડી રોકાણ લોન (ખેતી પ્રવૃત્તિ અને તેની સંબધિત પ્રવૃત્તિ) મેળવવા પાત્ર થશે.

૭.૮ આ યોજના અમલીકરણ માટે શીડ્યુલ્ડ કોમર્શીયલ બેંક, શહેરી સહકારી બેંક અને સ્થાનિક પ્રાદેશિક બેંક માટે, રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા નોડલ શાખા તરીકે કામ કરશે જ્યારે પ્રાદેશિક ગ્રામીણ બેંક અને કો.ઓપરેટિવ ધિરાણ સંસ્થાઓ માટે નાબાર્ડ નોડેલ શાખા તરીકે કામ કરશે.

(૮) વ્યાજ અને બીજા ખર્ચા

૮.૧ ધિરાણ સંસ્થાઓ ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૮ પછી મળવા પાત્ર રકમ ઉપર કોઈ પણ સમય માટે વ્યાજ ઉધારશે નહિ. જ્યારે બીજા ખેડૂતની બાબતમાં ૩૦ જૂન ૨૦૦૯ પહેલા મળવા પાત્ર રકમનો હિસ્સો ભરવામાં નિષ્ફળ થાય અને ઓ.ટી.એસ. રાહત માટે ગેરલાયક થાય તો બેંક ૩૦ જૂન, ૨૦૦૯ પછીના સમય માટે વ્યાજ ઉધારશે.

૮.૨ મૂડી રોકાણ લોનના હપ્તા જો ૩૧-૧૨-૨૦૦૭ પછી મુદત વીતી થાય તો ધિરાણ સંસ્થાઓ આ રકમ યોગ્ય વ્યાજ સાથે વસુલ કરશે. છતા ધિરાણ સંસ્થાઓ યોગ્ય કિસ્સામાં સંબધિત ધિરાણ સંસ્થા પોતાની કાર્યપદ્ધતિ નિયમસર મુજબ હપ્તાઓમાં ફેરફાર કરી શકે.

૮.૩ લાગે વળગે ત્યાં સુધીમાં આ યોજનામાં ધિરાણ સંસ્થાઓ જે વ્યાજની રકમ કેન્દ્રીય સરકાર પાસેથી મજરે પરત લે છે તે રકમ કોઈપણ સંજોગોમાં મૂળ લોન રકમ કર્તા વધારે ન હોવી જોઈએ.

૮.૪ ધિરાણ સંસ્થાઓ વ્યાજ કે બીજા પ્રકારના ખર્ચ માટે ખેડુત કે કેન્દ્રીય સરકાર પાસે માંગણી કરી શકશે નહિ તે માટે નાણાંમંત્રાલય સંજોગો અને પ્રસંગોવાત જરૂરી સુચનાઓ ધિરાણ સંસ્થાઓને આપશે.

(૯) દેવામાફી અને દેવારાહતના પ્રમાણપત્રો

૯.૧ મળવાપાત્ર રકમ માફ થતાં ધિરાણ સંસ્થા નાના અને સીમાંત ખેડૂતોને લોન માફ થઈ ગઈ છે તે અંગેનો પ્રમાણપત્ર આપશે અને તેમાં સ્પષ્ટપણે દર્શાવિશે કે મળવાપાત્ર રકમ માફ કરવામાં આવેલ છે.

૯.૨ ધિરાણ સંસ્થાઓ બીજા ખેડૂતની બાબતમાં ઓ.ટી.એસ. રાહત આપ્યા પછી જેતે સંસ્થાઓ બીજા ખેડૂતને પ્રમાણપત્ર આપશે જેમાં જણાવવામાં આવશે કે લોન ખાતું ધિરાણ સંસ્થાઓની સંતોષજનક રીતે પતાવેલ છે અને તે પ્રમાણપત્રમાં મળવા પાત્ર રકમ, ખેડૂતે આપેલ પોતાના હિસ્સાની રકમ અને ઓ.ટી.એસ. રાહત રકમનો સ્પષ્ટ ઉલ્લેખ કરશે.

૯.૩ પ્રમાણપત્ર, રીઝર્વ બેન્ક/નાબાર્ડ દ્વારા તૈયાર કરેલ મુજબ હશે. ધિરાણ સંસ્થા પ્રમાણપત્ર ખેડૂતને આપે ત્યારે પ્રમાણપત્ર ખેડૂતને મળેલ છે. તેની પહોંચ ખેડૂત પાસેથી મેળવશે.

(૧૦) ધિરાણ સંસ્થાઓની જવાબદારી

૧૦.૧ દરેક ખેડૂતની યાદીમાં દર્શાવેલ દેવા માફી અથવા દેવારાહતની વિગતો તથા આ યોજના હેઠળ ખેડૂતની યાદી વગેરેની સાચી માહિતી અંગે દરેક ધિરાણ સંસ્થા જવાબદાર છે. તૈયાર થયેલ અને રાખેલ દરેક દસ્તાવેજ, યાદી અને દરેક પ્રમાણપત્ર ઉપર, આ યોજના હેઠળ, ધિરાણ સંસ્થાના અધિકૃત અધિકારીનો સહી સિક્કો હોવો જોઈએ.

૧૦.૨ દરેક ધિરાણ સંસ્થા દરેક રાજ્ય માટે (રાજયનું કુલ શાખાઓ પ્રમાણે) એક અથવા વધારે

ફરિયાદ નિવારણ અધિકારીની નિમણુંક કરશે. દરેક ધિરાણ સંસ્થા તેની દરેક શાખામાં ફરિયાદ નિવારણ અધિકારીનું નામ અને સરનામું નોટિસ બોર્ડ ઉપર દર્શાવશે. ફરિયાદ નિવારણ અધિકારીને પીડીત ખેડૂત તરફથી રજુઆતો સ્વીકારવાનો અધિકૃત હકક છે. રહેશે અને તે જરૂરી હુકમ કરશે. ફરિયાદ નિવારણ અધિકારીનો હુકમ આખરી ગણાશે.

૧૦.૩ કોઈપણ ખેડુતને અસંતુષ્ટ હોવાનું કારણ તેનું નામ ફકરાનં. ૭.૧ મુજબ કોઈપણ એક યાદીમાં ન હોય, અથવા તેનું નામ ખોટી યાદીમાં સામેલ કરાયેલ હોય અથવા તો તેને મળવા પાત્ર થતી રકમની ગણતરી ખોટી હોય તો આ બાબતે તેણે જે શાખામાંથી લોન લીધી હોય તે શાખા દ્વારા સંબધિત ધિરાણ સંસ્થાના ફરિયાદ નિવારણ અધિકારીને સીધે સીધા રજુઆત કરી શકે છે અને આવી રજુઆતનો નિકાલ રજુઆત મળ્યાના ૩૦ દિવસમાં થવો જોઈએ.

(૧૧) હિસાબી તપાસણી

આ યોજના હેઠળ જે ધિરાણ સંસ્થાઓ દેવા માફી અથવા દેવા રાહત મંજુર કરી હોય તેણે હિસાબી ચોપડા (શાખાના હિસાબી ચોપડા પણ) રીઝર્વ બેંક / નાબાર્ડના કાયદા કાનુન મુજબની કાર્યપદ્ધતિથી તપાસવાના રહેશે. આર.બી.આઇ./નાબાર્ડની સુચના મુજબ સહમત તપાસ અધિકારી, કાયદાકીય તપાસ અધિકારી અને ખાસ તપાસ અધિકારી મારફત હિસાબની તપાસણી કરવામાં આવશે. જો કેન્દ્રીય સરકારને સંતોષ થાય અને જરૂર લાગે તો ધિરાણ સંસ્થા અથવા તેની એક અથવા વધારે શાખાઓમાં ખાસ તપાસ કરવાની સુચના આપી શકે છે.

(૧૨) જાહેરાત

૧૨.૧ આ યોજના હેઠળ જે ધિરાણ સંસ્થાઓનો સમાવેશ થયેલ છે તેણે આ યોજનાની એક કોપી અંગ્રેજી ભાષામાં, કાર્યાલયની ભાષામાં અથવા રાજયભાષા / કેન્દ્રીય શાસિત

પ્રદેશની ભાષામાં દરેક શાખામાં પ્રદર્શિત કરવાની રહેશે.

૧૨.૨ આ યોજનાની એક કોપી નાણાંમંત્રાલય, નાણાંકીય ખાતું, આર.બી.આઇ. અને નાબાર્ડની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ થશે

**(૧૩) અર્થઘટન અને મુશ્કેલીઓ દુર કરવાની સત્તા**

૧૩.૧ આ યોજના હેઠળ કોઇપણ ફકરાના અર્થઘટન વિશે અથવા તે સાથેની સુચના અંગે શંકા ઉપસ્થિત થાય તો કેન્દ્રીય સરકાર આ શંકાનો ઉકેલ લાવશે અને કેન્દ્રીસ સરકારનો નિર્ણય આખરી ગણાશે.

૧૩.૨ આ યોજનાના અમલીકરણમાં અથવા તો તે હેઠળની સુચના અંગે કોઇપણ અડચણ ઉપસ્થિત થાય ત્યારે કેન્દ્રીય સરકાર તેની જરૂરિયાત મુજબ યોગ્ય કરવા જરૂરી સુચના આપશે અથવા મુશ્કેલી તુરંત દુર કરવા સલાહ આપશે.

(૧૪) નિયંત્રણ

આ યોજનાના અમલીકરણના નિયંત્રણ માટે રાષ્ટ્રસ્તરીય નિયંત્રણ સમિતિની રચના કરવામાં આવશે. જેમા નીચેના હોદ્દેદારોનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) સચિવ શ્રી - નાણાંખાતું, નાણાંમંત્રાલય (ચેરમેન)

(૨) સચિવશ્રી - કૃષિ અને સહકાર ખાતું કૃષિ મંત્રાલય

(૩) ડેપ્યુટી ગર્વનર - રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

(૪) ચેરમેન - નાબાર્ડ

(૫) ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર - બે જાહેરક્ષેત્રની બેંકના.

(૬) ચેરમેન - બે ક્ષેત્રીય ગ્રામીણ બેંકના

(૭) મેનેજીંગ ડાયરેક્ટર - બે રાજ્ય સ્તરીય સહકારી બેંકના

એનેકસચેર - ૧

## મહેસુલ જિલ્લા દ્વાર આવરી લેવાયેલ ડી.પી.એ.પી., ડી.ડી.પી. વિસ્તાર અને વડાપ્રધાન ખાસ રાહત નિયત જિલ્લા

| રાજય | શિરી. નં. | આવરી લેવાયેલ જિલ્લાના નામ | |
|---|---|---|---|
| ગુજરાત | ૩૨ | ૧ | અમદાવાદ |
| | ૩૩ | ૨ | અમરેલી |
| | ૩૪ | ૩ | ભરુચ |
| | ૩૫ | ૪ | ભાવનગર |
| | ૩૬ | ૫ | દાહોદ |
| | ૩૭ | ૬ | ડાંગ |
| | ૩૮ | ૭ | જુનાગઢ |
| | ૩૯ | ૮ | નર્મદા |
| | ૪૦ | ૯ | નવસારી |
| | ૪૧ | ૧૦ | પંચમહાલ |
| | ૪૨ | ૧૧ | પોરબંદર |
| | ૪૩ | ૧૨ | સાબરકાંઠા |
| | ૪૪ | ૧૩ | વડોદરા |
| | ૪૫ | ૧૪ | વલસાડ |
| | ૪૬ | ૧૫ | બનાસકાંઠા |
| | ૪૭ | ૧૬ | જામનગર |
| | ૪૮ | ૧૭ | કચ્છ |
| | ૪૯ | ૧૮ | પાટણ |
| | ૫૦ | ૧૯ | રાજકોટ |
| | ૫૧ | ૨૦ | સુરેન્દ્રનગર |